# શ્રી મુક્તાનંદ આશ્રમમાં ‘‘M’’ અક્ષરના ફોટાઓ

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

સિદ્ધયોગ પથ પર મે, ઓગસ્ટ અને ઑક્ટોબર મહિનાનું ખાસ મહત્ત્વ છે કારણ કે આ એ સમય છે જ્યારે આપણે બાબા મુક્તાનંદના સન્માનમાં મહોત્સવ મનાવીએ છીએ (મે મહિનામાં બાબાજીનો જન્મદિવસ; ઓગસ્ટમાં બાબાજીની દિવ્ય દીક્ષા અને ઑક્ટોબરમાં મહાસમાધિ).

વિશેષરૂપે, મે અને ઑક્ટોબરના મહિનાઓ ‘‘બાબાજીના મહિના’’ તરીકે જાણીતા થઈ ગયા છે. મેં એવી વાક્યરચનાનો પ્રયોગ કર્યો કે ‘થઈ ગયા છે’ જે દર્શાવે છે કે આ નામ એકદમ સ્વાભાવિક રીતે સ્થાપિત થઈ ગયું. ૧૯૯૦ના દાયકામાં એક સત્સંગમાં, શ્રીગુરુમાઈએ આના વિશે કહ્યું હતું કે કેવી રીતે આ મહિનાઓ બાબાજીના છે — તે ‘‘બાબાજીના મહિના’’ છે. જ્યારે ગુરુમાઈજીએ આમ કહ્યું તો જે લોકો એ ભવ્ય સત્સંગમાં ઉપસ્થિત હતાં અને તેમાં ભાગ લઈ રહ્યાં હતાં તેમને આ વાત બહુ જ ગમી, તેથી તેઓ પણ મે અને ઓક્ટોબરને બાબાજીના મહિનાઓ કહેવા લાગ્યાં. અને બસ આમ જ, આ નામ પ્રચલિત થઈ ગયું; એ સિદ્ધયોગ પરંપરાનો એક ભાગ બની ગયું.

ઘણીવાર પ્રાકૃતિક જગતમાં અને આપણા વાતાવરણનાં દૈનિક પાસાંઓમાં (ઉદાહરણ તરીકે, આપણા નિવાસ અને કાર્યસ્થળની આસપાસનાં દૃશ્યો અને ધ્વનિઓમાં) પણ તેની ઝલક જોવા મળે છે જાણે કે તે એ વાતનું સમર્થન કરી રહ્યાં હોય કે બાબાજીના સન્માનમાં મહોત્સવ મનાવવાનો સમય આવી ગયો છે. ગુરુમાઈજીએ કહ્યું છે કે કેવી રીતે મે, ઓગસ્ટ અને ઓક્ટોબરના મહિનાઓમાં તેમને બાબાજીના આવાં ચિહ્નો જોવા મળે છે. બીજી તરફ, ઘણા બધા સિદ્ધયોગીઓને પણ બાબાજીનાં ચિહ્નો જોવા મળે છે : બાબાજીનાં વસ્ત્રોના રંગો પાંદડાંઓમાં અને આકાશમાં કોતરેલા હોય છે; અહીં, તહીં, બધી જગ્યાએ નીલબિંદુ ચમકી ઊઠે છે.

બાબાજીનું એક ચિહ્ન જેના તરફ શ્રીગુરુમાઈ આપણું ધ્યાન દોરે છે તે છે, અંગ્રેજીનો અક્ષર ‘‘M’’ (‘‘એમ’’, અંગ્રેજીમાં બાબાજીના નામ, ‘‘મુક્તાનંદ’’નો પહેલો અક્ષર). બાબાજી તેમની સ્વયંસ્ફૂર્તતા માટે જાણીતા હતા; એ જ રીતે ‘‘M’’ અક્ષર પણ આપણી આસપાસના વાતાવરણમાં અને વિશાળ જગતમાં સ્વયંસ્ફૂર્ત રીતે પ્રગટ થઈ જશે. આપણને આ અક્ષર વાદળોમાં બનતો, વૃક્ષોની ડાળીઓમાં આકાર લેતો અથવા આપણા પગની નીચે વાદળી-રાખોડી પથ્થરોમાં બનતો જોવા મળી શકે છે. તળાવના કિનારે ટહેલતી વખતે લહરોની સપાટી પર ‘‘M’’ અક્ષર બનેલો હોઈ શકે છે અથવા તો તે કોઈ વૃક્ષના થડની છાલ પર દેખાઈ શકે જેને કોઈ પરિશ્રમી કીડાએ ચાવીને બનાવ્યો હોય. બની શકે કે આપણી ચાના કપમાં ‘‘M’’ અક્ષર જોવા મળે અને આપણી કોફીમાં દૂધ નાખતી વખતે તેનાં નાનાં વમળોમાં જોવા મળે. અથવા તો બની શકે કે આપણાં દૈનિક કાર્યો કરતી વખતે આપણે

એને ઘણી બધીવાર સાંભળીએ, જેમકે પોતાની સમજ, અનિશ્ચિતતા, ખુશી, સંતોષ વ્યક્ત કરતી વખતે લોકો કહે છે, “મ્મ્મ્મ્ઽઽઽ”.

શ્રીગુરુમાઈની ઇચ્છા છે કે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર પ્રકાશિત અનેકાનેક શિખામણો અને ફોટાઓની જેમ જ, સિદ્ધયોગ પથની વેબસાઇટની મુલાકાત લેનારી દરેક વ્યક્તિને એ જોવાનો અવસર મળે જે *તેઓ* શ્રી મુક્તાનંદ આશ્રમમાં જુએ છે. તેથી, આ વેબપેજ પર જે ફોટાઓ પ્રકાશિત કરવામાં આવ્યા છે તેમાં તમને શ્રી મુક્તાનંદ આશ્રમની ભૂમિ પર પ્રગટ થતા કેટલાક “M” અક્ષર જોવા મળશે. કેટલાક ફોટાઓમાં “M” તરત જ દેખાઈ જશે, જ્યારે કેટલાકમાં એવું નથી એટલે તેને જોવા માટે તમારે થોડી શોધખોળ કરવી પડશે.

ગુરુમાઈજીને આશા છે કે જ્યારે તમે આ ફોટાઓને જુઓ તો તમે જ્યાંપણ હો, ત્યાં જ તમને બાબાજીની ઉપસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થશે — તમે એ જાણી લેશો કે બાબાજી તમને કહી રહ્યા છે, “હું અહીં છું.”

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.